# યુનિટ: ૧ પ્રાચીનભારતનું ઓડિટીંગ અને વર્તમાન ભારતનું ઓડિટીંગ

પ્રાચીન ભારતમાં વહીવટી અને સરકારી સંદર્ભોમાં, ઓડિટીંગ આવશ્યક પ્રથા હતી, જ્યારે વર્તમાન સમયમાં "ઓડિટીંગ" એટલે નાણાકીય વ્યવહારોની ચકાસણી પુરાવાની મદદથી કરવી અને હિસાબોમાં ગેરરીતિ શોધવી અને અટકાવવી.

## ઓડિટીંગનો ઉદ્ભવ અને વિકાસ

પ્રાચીન સંસ્કૃતિઓમાં ઓડિટિંગની પ્રક્રિયાનો આરંભ આર્થિક સંસાધનોના વ્યવસ્થિત વહીવટમાં જવાબદારી, ચોકસાઈ અને સચોટતા સુનિશ્ચિત કરવા માટેની આવશ્યકતાથી થયો હતો, જેના માટે વ્યવહારોની વ્યવસ્થિત નોંધ અને ચકાસણીની પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી.

**મેસોપોટેમીયા (c. 3000 BCE):**

- સુમેરિયન શહેરોમાંથી મળેલ ક્યુનિફોર્મ ટેબ્લેટ્સ (માટીની નોટ બુક) રસીદો અને ચૂકવણીની વિગતો દર્શાવે છે.
- મંદિરની અર્થવ્યવસ્થાની જાળવણી માટે આ વ્યવહારોની ચકાસણી કરવામાં આવતી હતી.

**પ્રાચીન ઈજિપ્ત:**

- રાજકીય પંડિતો ઓડિટર તરીકે કામ કરતા હતા જેઓ અનાજના ઉત્પાદન, સંગ્રહ અને વપરાશ પર દેખરેખ રાખતા હતા.
- આ પંડિતો પાસે હિસાબનીશ અને ઓડિટર એમ બેવડી જવાબદારીઓ હતી.

**પ્રાચીન ગ્રીસ અને રોમ**

- નાણાકીય વ્યવહારો સરકારી અધિકારીઓ સંભાળતા હતા, તેઓ લશ્કરી અને નાગરિક ક્ષેત્રે સરકારી ખજાનાની જવાબદારી લેતા અને ઓડિટ કાર્ય કરતા હતા.
- રોમન સામ્રાજ્યમાં રાજ્યના ગવર્નરો અને જાહેર ખાતાઓ માટે ઔપચારિક ઓડિટ હતું

**ભારત (મૌર્ય સામ્રાજ્ય, 321-185 BCE):**

- કૌટિલ્યના અર્થશાસ્ત્ર માં ઓડિટરની જવાબદારી ખાતાઓની તપાસ કરવા અને દંડ લાગુ કરવાની આપેલ છે .

**પ્રાચીન ચીન (ઝોઉ રાજવંશ):**

- જાહેર આવક અને ખર્ચનું નિરીક્ષણ અને ચકાસણી કરવા માટે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી.

Dr. Krina D. Shah, Assistant Professor, Udhna College
Dr. Tathagat Patel, Adhyapak Sahayak, Barfiwala College

આ સમયગાળા દરમિયાન, રાજાઓ પ્રજા પાસેથી મળેલી રકમનો ઉપયોગ કરીને વહીવટ કરતા હતા. લોકોને તેમના રાજા પર વિશ્વાસ હતો, તેની જવાબદારીઓ વધી ગઈ અને વર્ષ દરમિયાન થયેલા વ્યવહારોની સમીક્ષા કરવા માટે ત્રીજા સ્વતંત્ર વ્યક્તિની જરૂરના ખ્યાલનો ઉદ્ભવ થયો.

**પ્રાચીન ભારતમાં ઓડિટીંગની વ્યાખ્યા અનેહેતુ**

**વ્યાખ્યા:**

પ્રાચીન ભારતમાં ઓડિટીંગનો અર્થ પારદર્શિતા, જવાબદારી, નૈતિકતા અને કાયદાકીય ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા નાણાકીય હિસાબો, વહીવટી પ્રવૃત્તિઓ અને આર્થિક વ્યવહારોની વ્યવસ્થિત અને માળખાગત સમીક્ષા કરવી.

પ્રાચીન સમયમાં ઓડિટિંગ એટલે માત્ર હિસાબોની તપાસનહીં , પણ નૈતિકતાની જાળવણી , જવાબદારીઓની યોગ્ય તપાસ અને નાણાંકીય વ્યવહારોની પારદર્શકતાની ખાતરી કરવી.

તેમાં નીચે મુજબની બાબતોની તપાસનો સમાવેશ કરવામાં આવે છે:

- રાજ્યની આવક અને ખર્ચ
- જાહેર ભંડોળની વ્યવસ્થા
- અધિકારીઓ દ્વારા હિસાબી નોંધ
- રાજકીય અથવા ધાર્મિક (નૈતિક) ફરજોનું પાલન

**હેતુઓ:**

પ્રાચીન ભારતમાં ઓડિટ કરવાના પ્રાથમિક હેતુઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

1. **જવાબદારી નક્કી કરવી** - જાહેર અધિકારીઓ, ખજાનચી અને વેપારીઓ તેમને સોંપવામાં આવેલા નાણાં અથવા માલ માટે જવાબદાર છે તેની ખાતરી કરવી.

2. **છેતરપિંડી અને ભૂલો શોધવી અને અટકાવી** -ઉચાપતો, સંસાધનોનો દુરુપયોગ અથવા અપ્રમાણિક વ્યવહારો શોધવા અને અટકાવવા.

3. **નાણાકીય શિસ્ત જાળવવી**- વહીવટકર્તાઓમાં શિસ્ત લાગુ કરવા અને સંસાધનોની યોગ્ય ફાળવણી અને ઉપયોગની ખાતરી કરવી.

4. **વહીવટી કાર્યક્ષમતા વધારવી**- નાણાકીય કામગીરીના સચોટ અહેવાલ અને મૂલ્યાંકન દ્વારા વહીવટમાં સુધારો કરવો

5. **ન્યાય અને ધર્મનેઅનુમોદન આપવું :**- વહીવટી અને આર્થિક દ્રષ્ટિએ વહીવટમાં ધર્મના સિદ્ધાંતોને જાળવી રાખવા.

## પ્રાચીનગ્રંથોમાંઓડિટિંગનોસંદર્ભ:

### કૌટિલ્યનુંઅર્થશાસ્ત્ર (ઈસપૂર્વેજથીસદી)

- નાણાકીય શાસનના વિષયમાં સૌથી પ્રાચીન દસ્તાવેજ
- આવક સંભાળનાર અને ખજાનચીની ભૂમિકાઓનું મહત્ત્વ

- આવક, ખર્ચ અને છેતરપિંડી શોધવા માટે ગુપ્તચર વિભાગનો ઉપયોગ તેમજ વિગતવાર ઓડિટ
- અણધારી તપાસ કરવાની ભલામણ
- ભ્રષ્ટાચાર માટે કડક દંડની જોગવાઈ

### મનુસ્મૃતિ

- રાજ્યના અધિકારીઓની નૈતિક અને નાણાકીય જવાબદારીની માહિતીનો ઉલ્લેખ
- સાચા હિસાબોની નોંધ રાખવી એક ફરજ જણાવેલ છે
- ખોટી હિસાબી કામગીરી માટે દંડની જોગવાઈ.

### જૈન અને બૌદ્ધ સાહિત્ય

- ભદ્રબાહુચરિત્ર જેવા ગ્રંથોમાં વેપારી સંઘોની વિગતવાર હિસાબી નોંધ જેવીકે મળેલ દાનની રકમ, ખર્ચની રકમ વગેરેનો ઉલ્લેખ મળે છે.
- બૌદ્ધમઠોમાં દાન, માલસામાન અને ખર્ચ માટે નિયમિત હિસાબો અને સમયાંતરે તેની ચકાસણીનો ઉલ્લેખ મળે છે.

## હસ્તલેખિત પુરાવાઓ

### દક્ષિણ ભારતના મંદિરોના શિલાલેખો

- ચોલ અને પલ્લવ શાસનના સમયમાં મંદિરોમાં દાન,જમીનઅનુદાન અને ખર્ચના હિસાબોની નોંધ કરવામાં આવતી
- દાતાઓના નામો અને દાન કરેલા વસ્તુઓની વિગતવાર નોંધ રાખવામાં આવતી
- નાણાકીય રકમોનો યોગ્ય ઉપયોગ થતો હોય તેની તપાસ માટેની વ્યવસ્થા કરવામાં આવતી

### તામ્રપત્રો

- રાજા દ્વારા આપેલા જમીનઅનુદાનના દસ્તાવેજ.
- જાહેર/ રાજકીય કર્મચારી તરીકે કાર્ય કરતા વ્યકિત, ભવિષ્યના શાસકો અથવા અધિકારીઓ દ્વારા તપાસ.

**પ્રાચીન ગ્રંથોમાં વર્ણવેલ ઓડિટની પ્રક્રિયા**

**1. દસ્તાવેજીકરણ:**

- **અધિકારીઓ અથવા પંડિતો** તમામ આર્થિક વ્યવહારોનું દસ્તાવેજીકરણ કરતા જેમાં કરવેરા, ભેટ, અનાજની વસૂલાત, નાણાની ચૂકવણી, વગેરેનો સમાવેશ થતો હતો. તેઓ માહિતીની ચકાસણી કરવા માટે માટીની નોટબુકમાં વ્યવહારો લખતા હતા.

**2. વાઉચિંગ અને ચકાસણી**

- નિયુક્ત અધિકારીઓ નોંધાયેલ માહિતી સાથે ભૌતિક જથ્થાની સરખામણી કરતા.
- વેર હાઉસ/ગોડાઉનની તપાસ નીચેની બાબતો ચકાસવા માટે હાથ ધરવામાં આવી હતી:
- માલનો સ્ટોક , મજૂરખર્ચ અને જાહેર કાર્યોમાં થયેલ ખર્ચ વગેરે.

જે માહિતી નોંધવામાં આવી હોય તે સ્ટોક સાથે મેળ ખાતી હોવી જોઈએ. જો કોઈ ખામી હોય તો, તે માટે સંબંધિત અધિકારીને જવાબદાર ઠેરવવામાં આવે છે.

**3. ઉચ્ચ અધિકારીને જાણ કરવી**

- હિસાબી તપાસ કર્યા બાદ અહેવાલ રાજાઓ, સમ્રાટો અથવા રાજકીયખજાનચીને સુપરત કરવામાં આવતો હતો.
- છેતરપિંડીની અહેવાલમાં ઔપચારિક રીતે નોંધકરવામાં આવતી હતી.
- ઓડિટરો સહી અથવા સીલ વડે અહેવાલને પ્રમાણિત કરતાં હતાં.

**4. જવાબદારી અને સજા**

- પ્રાચીન ગ્રંથોમાં હિસાબોમાં ગેરરીતિ માટે નાણાકીય દંડ, બરતરફી અથવા કેદની સજાનો સ્પસ્ટ ઉલ્લેખ જોવા મળે છે.
- ઓડિટરોને હિસાબી ગોટાળાનો ખૂલાસો માંગવા અને જરૂરી પગલાંની ભલામણ કરવાની સત્તા આપવામાં આવી હતી.

**5. જાળવણી:**

- ચકાસણી અને અહેવાલ આપ્યા બાદ, નાણાકીય માહિતી અને અહેવાલનો વ્યવસ્થિત રીતે સંગ્રહ કરવામાં આવતો હતો જેથી ભવિષ્યનામાં તેનો સત્તાવાર દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી શકાય
- આ હિસાબી માહિતી માટીની ગોળીઓ, પેપિરસ (કાગળ જેવી લેખન સામગ્રી) અથવા નારિયેળીના પાન પર લખવામાં આવતા હતા અને તેને મંદિરમાં, શાહી પુસ્તકાલયો અથવા સરકારી ભંડારગૃહમાં રાખવામાં આવતા હતા.
- સાચવેલા દસ્તાવેજો કાનૂની વિવાદો, ઐતિહાસિક સમીક્ષાઓ અને વહીવટી ઓડિટમાં પુરાવા તરીકે ઉપયોગી સાબિત થયા હતા

આ રીતે લાંબા ગાળાની જાળવણીની યોજના સંસ્થાકીય સ્મૃતિ અને જવાબદારીના મહત્વની પ્રાચીન સમજને પ્રકાશિત કરે છે.

પ્રાચીન ભારતીય ગ્રંથો જેમ કે **કૌટિલ્યનું અર્થશાસ્ત્ર મનુસ્મૃતિ** તેમજ **વિવિધ સ્મૃતિઓ અને પુરાણો**માં શાસન અને નાણાકીય નિયંત્રણ પદ્ધતિના સિદ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં ઓડિટીંગના સ્વરૂપોનો સમાવેશ થાય છે.

**મનુસ્મૃતિ અને અન્ય ધર્મશાસ્ત્રો**

પ્રાથમિક રીતે કાનૂની અને નૈતિક સંહિતા હોવા છતાં, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ અને નારદ સ્મૃતિ જેવા ગ્રંથોમાં નાણાંકીય અંકુશ સંબંધિત સિદ્ધાંતોનો પણ સમાવેશ થાય છે.

**પ્રાચીન સમયમાં ઓડિટર્સની ભૂમિકા:**

**૧. નિયમિત તપાસ:**

રાજાઓ દ્વારા પ્રશાસકોને ખજાનચી અને મહેસૂલ વસૂલ કરનાર દ્વારા કરવામાં આવતી નોંધની નિયમિત તપાસ કરવાની સૂચના આપવામાં આવી હતી.

**૨. જાહેર ભંડોળનું નૈતિક સંચાલન**

રાજ્યની સંપત્તિના દુરુપયોગને ધર્મના ઉલ્લંઘન તરીકે જોવામાં આવતું હતું

**૩. ન્યાય-આધારિત નાણાંકીય તપાસ:**

જો કોઈ અધિકારી પર છેતરપિંડીની આશંકા હોય, તો બ્રાહ્મણો અને વિધવાન સલાહકારોની મદદ વડે તપાસ કરવામાં આવતી હતી.

**૪. મંદિર અને જમીન અનુદાન શિલાલેખો**

તામ્રપત્ર અને પથ્થરના શિલાલેખ (ગુપ્ત અને ચોલ સમયગાળામાં જોવા મળેલ હતા) નીચે મુજબની બાબતો દર્શાવે છે:

- જમીન અનુદાન, દાન અને મંદિરના ખર્ચનો વિગતવાર હિસાબ
- મંદિરો અને ધાર્મિક સંસ્થાઓને ભેટમાં મળેલી જમીનોમાંથી આવકની સમયાંતરે તપાસ
- પારદર્શિતા અને સામુદાયિક જવાબદારી માટે હિસાબોનું જાહેર પ્રદર્શન

**પ્રાચીન ઑડિટિંગની પદ્ધતિઓ**

પ્રાચીન સંસ્કૃતિઓમાં આધુનિક તકનીકનો અભાવ હોવા છતાં, વ્યવહારુ અને અસરકારક ઓડિટ તકનીકો રાજ્યના સંસાધનો, કરવેરા અને જાહેર માલસામાનનું સંચાલન કરવા માટે વિકસિત કરવામાં આવી હતી આ તકનીકો ચકાસણી, અંકુશ અને જવાબદારી જેવા આધુનિક ઓડિટીંગ સિદ્ધાંતોના પાયાને પ્રતિબિંબિત કરે છે.

**૧. ભૌતિક ચકાસણી (ઇન્વેન્ટરી તપાસ)**

ઓડિટર દ્વારા ભૌતિક મિલકતો (દા.ત., અનાજ, પશુધન, સાધનો) ચકાસવા માટે જાતે જ ભૌતિક ચકાસણી કરવામાં આવતી હતી.

- **મેસોપોટેમિયા, ઇજિપ્ત,** અને **રોમ**માં મંદિર અને શાહી ભંડારો માટે આ પદ્ધતિનો વ્યાપકપણે ઉપયોગ થતો હતો.

**૨. માહિતીની મેળવણી**

- છેતરપિંડી શોધવા આવક, ચૂકવણીની તમામ વિગતોની ફેરતપાસ. પ્રાપ્ત માલ સાથે મોકલેલ માલની રકમની સરખામણી કરવી.

**3. વિગતવાર નામું રાખવું**

- પંડિતો દ્વારા વ્યવહારો, માલસામ્રગી અને કરવેરાનું ઝીણવટભર્યું દસ્તાવેજીકરણ.
- માટીની નોટબુકઓ, પેપિરસ (કાગળ જેવી લેખન સામગ્રી) અથવા નારિયેળીના પાન પર હિસાબો લખવા.

- લખાયેલા હિસાબોનું પ્રમાણીકરણ સીલ, સહીઓ અથવા સિક્કા દ્વારા કરવામાં આવતું હતું .

  ઇજિપ્તમાં પિરામિડ બાંધકામ દરમિયાન કામદારોની હાજરી અને દૈનિક રાશનની માહિતીની નોંધ પ્રાપ્ત થઈ હતી.

**૪. માહિતીની તપાસ**

અધિકારીઓના કામની તપાસ કરવા માટે વિશેષ અધિકારીઓ (પ્રારંભિક ઓડિટર)ની નિમણૂક કરવામાં આવતી હતી.

- ભારતના *અર્થશાસ્ત્રમાં,* આ ભૂમિકાઓ"હિસાબી પરીક્ષક" (નિગ્રાહક)તરીકે ઓળખાતી હતી.
- કૌટિલ્યનું અર્થશાસ્ત્ર પરિચિતતા અને છેતરપિંડીને રોકવા માટે ઓડિટરોની ફેરબદલી પર ભાર મૂકે છે.

**૫. ઓડિટ અહેવાલ અને જવાબદારી**

- ઓડિટરો રાજાઓ, અથવા વઝીરોને માહિતી પૂરી પાડે છે, જે ઉચ્ચ અધિકારીઓને શિસ્ત લાગુ કરવા સક્ષમ બનાવે છે.
- હિસાબી અહેવાલ જો છેતરપિંડી મળી આવે તો સજા માટેની ભલામણો સાથે મૌખિક રીતે અથવા લેખિત સ્વરૂપમાં રજૂ કરવામાં આવતા હતા

**૬. સીલ અને સિક્કાનો ઉપયોગ**

- અધિકૃત સીલનો ઉપયોગ હિસાબી માહિતીને અધિકૃત કરવા કે તેને માન્ય કરવા માટે કરવામાં આવતો હતો
- છેડછાડ અથવા છેતરપિંડીના બનાવો બનતા અટકાવામાં આવતા હતા .
- મેસોપોટેમીયન અને રોમન બંને પ્રણાલીઓમાં આ બાબત જોવા મળી હતી

**૭. કાયદાની જોગવાઈ**

- કાયદામાં હિસાબોમાં ખોટી માહિતી લખવી, ઉચાપત અને બેદરકારી માટે દંડ નક્કી કરવામાં આવ્યા હતા
- ઓડિટરોને માળખાગત પ્રક્રિયાઓ દ્વારા કાયદાને લાગુ કરવા માટે સત્તા આપવામાં આવી હતી.

અર્થશાસ્ત્રમાં ખોટી નોંધ અથવા વ્યવહારો/ખાતાઓ છુપાવવા અંગે દંડ અને બરતરફીની ચર્ચા કરવામાં આવી છે.

**પ્રાચીન ભારતમાં ઓડિટીંગનું મહત્વ**

ઓડિટીંગે પ્રાચીન ભારતમાં ખાસ કરીને **મૌર્ય સામ્રાજ્ય (321-185 BCE)** દરમિયાન **શાસન અને આર્થિક વહીવટમાં કેન્દ્રીય ભૂમિકા** ભજવી હતી. **કૌટિલ્યનું અર્થશાસ્ત્ર** જેવહીવટ, અર્થશાસ્ત્ર અને કાયદા પરના સૌથી વ્યાપક પ્રાચીન ગ્રંથોમાંનું એક છે, એમાં રાજ્યના સંચાલનમાં **પારદર્શિતા, જવાબદારી અને ભ્રષ્ટાચાર નિવારણ પર મૂકેલ વિશેષ**ભાર સ્પષ્ટપણે દસ્તાવેજીકૃત થયેલ છે

Dr. Krina D. Shah, Assistant Professor, Udhna College
Dr. Tathagat Patel, Adhyapak Sahayak, Barfiwala College

### ૧. નાણાકીય જવાબદારી સુનિશ્ચિત કરવી

- ઓડિટીંગ **રાજ્ય અધિકારીઓ અને ખજાનચીની** તેમના નિયંત્રણ હેઠળની આવક અને ખર્ચ માટેની જવાબદારી સુનિશ્ચિત કરે છે.
- કૌટિલ્યએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભંડોળ અથવા માલસામાનનું સંચાલન કરતા તમામ અધિકારીઓ **નિયમિત રીતે ફરજીયાત હિસાબો આપે** અને જો એમાં ગોટાળા **હોય તો દંડ થવો જોઈએ.**

### ૨. ભ્રષ્ટાચાર નિવારણ

- કૌટિલ્યના મતે અધિકારીઓ સત્તાનો દુરુપયોગ કરી શકે છે તેથી નિયમિત ઓડિટ, અણધારી તપાસ અને ફરજોની ફેરબદલી અમલમાં આવી.
- અર્થશાસ્ત્ર ઉચાપતની 40 રીતોની રૂપરેખા આપે છે જે દર્શાવે છે કે છેતરપિંડીનો કેટલો ઊંડો અભ્યાસ અને નિયમન કરવામાં આવ્યું છે.

### ૩. માહિતીની વ્યવસ્થિત ચકાસણી

- ઓડિટીંગમાં વાસ્તવિક રોકડ, માલ અને મજૂરીના વ્યવહારો સાથે હિસાબી ચકાસણી થાય છે.
- ઓડિટરોને (નિગ્રાહક) કરવેરા, જાહેર કાર્ય અને લશ્કરી પુરવઠા જેવા રાજ્ય વિભાગોના ઓડિટ સોંપવામાં આવ્યા હતા.

### ૪. કાનૂની અને નૈતિક અમલીકરણ

- ઓડિટીંગ પદ્ધતિ મહેસૂલ વસૂલાત, જમીન વહીવટ, અને જાહેર ખર્ચનું ન્યાયી અને કાયદેસર રીતે અમલીકરણ થાય છે એ સુનિશ્ચિત કરે છે.
- જાહેર જનતાનો વહીવટમાં વિશ્વાસ પ્રાપ્ત થાય તે માટે ભૂલો અને છેતરપિંડી માટે દંડ કે બરતરફી દ્વારા શિક્ષા કરવામાં આવતી હતી.

### ૫. રાજ્ય સંસાધનોની જાળવણી

- નિયમિત ઓડિટ દ્વારા રાજ્ય નકામા ખર્ચ, અનાજ, ધાતુઓ કે જમીનની આવકની છેતરપિંડી પર અંકુશ રાખી શકાય છે.
- વ્યવસ્થિત ઓડિટ રાજ્યને આર્થિક રીતે મજબૂત બનાવવામાં મદદરૂપ હતું.

### ૬. આધુનિક ઓડિટ સિદ્ધાંતો માટે પાયો

- અર્થશાસ્ત્રમાં વર્ણવેલ ઓડિટીંગ પ્રથાઓ કેટલાક આધુનિક ઓડિટ સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે. જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે.
  - ફરજોનું વિભાજન
  - અણધારી તપાસ
  - જાહેર ભંડોળ માટે જવાબદારી
  - છેતરપિંડી કે હિસાબી ગોટાળા માટે દંડ

**પ્રાચીન ઑડિટિંગ પ્રક્રિયાનો સારાંશ**

| મુદ્દા | માહિતી |
|---|---|
| માહિતી રાખવી | નિયુક્ત અધિકારીઓ દ્વારા જાળવવામાં આવતા આવક અને ખર્ચના દૈનિક હિસાબો |
| આંતરિક ચકાસણી | ઓડિટરો અથવા એકાઉન્ટ્સના સુપરિન્ટેન્ડન્ટ્સ દ્વારા નિયમિત તપાસ |
| અણધારી તપાસ | અપ્રમાણિકતાને રોકવા માટે અણધારી તપાસ |
| ફેર તપાસ | સ્વતંત્ર સ્ત્રોતો દ્રારા ખાતાઓની તપાસ |
| દસ્તાવેજીકરણ | તમામ વ્યવહારો માટે લેખિત નોંધો અને સાક્ષીઓનો ઉપયોગ |
| અહેવાલ | રાજા અથવા વિભાગના વડાને નાણાકીય અહેવાલની નિયમિત રજૂઆત |
| દંડ | વ્યવહારોમાં થયેલ છેતરપિંડી માટે સખત સજા |

**પ્રાચીન ઑડિટિંગ અને આધુનિક ઑડિટિંગ વચ્ચેનો તફાવત**

| મુદ્દા | પ્રાચીન ઓડિટીંગ | આધુનિક ઓડિટીંગ |
|---|---|---|
| હેતુ | જાહેર અથવા મંદિરના ભંડોળના યોગ્ય ઉપયોગ, છેતરપિંડી અટકાવી અને વિશ્વસનિયતા જાળવી રાખી. | નાણાકીય માહિતીની ચોકસાઈની ખાતરી કરવી, છેતરપિંડી શોધવી, કાયદાકીય જોગવાઈનું પાલનકરવું અને તમામ પક્ષકારોને હિસાબી તપાસ અંગે માહિતી આપવી |
| સત્તા | શાહી અધિકારીઓ, મંદિરના સંચાલકો અથવા ગ્રામ હિસાબનીશ દ્રારા હાથ ધરવામાં આવે છે. | કાયદા અને ધોરણો અંતર્ગત સ્વતંત્ર વ્યાવસાયિક ઓડિટર (આંતરિક અથવા બાહ્ય) દ્રારા હાથ ધરવામાં આવે છે. |
| કાર્યક્ષેત્ર | આવક, ખર્ચ અને અનાજ, જમીન અને કીમતી વસ્તુઓ (સોના અને ચાંદીના ઘરેણાં) જેવા માલસામાનની ભૌતિક ચકાસણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. | નાણાકીય માહિતી, આંતરિક નિયંત્રણો, જોગવાઈનું પાલન, જોખમ મૂલ્યાંકન, કાર્યક્ષમતા ઓડિટ વગેરેને આવરી લે છે. |
| પદ્ધતિ | વ્યક્તિગત ચકાસણી, મૌખિક હિસાબો, અવલોકન અને સ્થાનિક પુરાવાઓ. | વ્યવસ્થિત પ્રક્રિયાઓ, પ્રાયોગિક તપાસ, વિશ્લેષણાત્મક તપાસ અને કમ્પ્યુટર-આધારિત સાધનો (CAATs) |

| | | |
|---|---|---|
| | | નો ઉપયોગ કરવામાં આવે છે. |
| માહિતીની નોંધ | નારિયેળી પાનના હસ્તપ્રતો, પથ્થર શિલાલેખ, લેખિત સ્ક્રોલ, મૌખિક માહિતી . | આધુનિક હિસાબી પદ્ધતિ જેમાં આમનોંધ, ખાતાવહી, કાચા સરવૈયા, કમ્પ્યુટરાઈઝ ડેટાબેઝ વગેરેનો સમાવેશ થાય છે. |
| કાયદા | કોઈ પ્રમાણિત માળખું નથી; પરંપરાગત કાયદાઓ, રાજાના આદેશો અથવા ધાર્મિક નિયમો પર આધારિત. | રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણો દા.ત., GAAP, IFRS, કંપનીધારો,૨૦૧૩, ICAIના નિયમો વગેરે પર આધારિત . |
| અહેવાલ | રાજાઓ, પાદરીઓ અથવા સ્થાનિક વડાઓને કાર્યવાહી માટે અહેવાલ આપવામાં આવતો હતો. | શેરધારકો, બોર્ડ અને નિયમનકારી સંસ્થાઓને તૈયાર કરાયેલા અહેવાલ આપવામાં આવે. |
| સમય | રાજાઓ અથવા મંદિર સંચાલકો દ્વારા આવશ્યકતા મુજબ. | સામાન્ય રીતે વાર્ષિક; વચગાળાના અને ખાસ ઓડિટનો સમાવેશ થાય છે. |

**ઉપસંહાર**

પ્રાચીન ભારતની ઓડિટ પ્રક્રિયા, ખાસ કરીને અર્થશાસ્ત્રમાં જે દર્શાવેલ છે એ નોંધપાત્ર રીતે અદ્યતન અને વ્યવસ્થિત હતી. તે પારદર્શિતા, જવાબદારી, શિસ્ત અને ન્યાય જેવા મુખ્ય મૂલ્યો પર આધારિત હતી જે આધુનિક ઓડિટીંગ પ્રથાઓમાં કેન્દ્ર સ્થાને છે. નાણાકીય અખંડિતતા રાજ્યની સ્થિરતા અને નૈતિક શાસન માટે મહત્વપૂર્ણ છે એવી પ્રાચીન ભારતીય શાસનની માન્યતા હતી.

ટૂંકમાં,

પ્રાચીન ઓડિટીંગ વહીવટી અને નૈતિક હતું, જે જવાબદારી અને પ્રામાણિકતા પર ધ્યાન કેન્દ્રિત કરતું હતું.

આધુનિક ઓડિટીંગ વ્યવસ્થિત અને કાયદાકીય રીતે નિયમન કરેલું છે, જે તમામ શેર હોલ્ડરો અને અન્યને ચોકકસાઈ, કાયદાકીય જોગવાઈઓનું પાલન અને વિશ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. **પ્રાચીન ભારતમાં ઓડિટીંગના હેતુઓ જણાવો.**

૨. **પ્રાચીન ગ્રંથોમાં વર્ણવેલ ઓડિટની પ્રક્રિયાટુંકમાં લખો.**

૩. **પ્રાચીન ભારતમાં ઓડિટીંગનું મહત્વજણાવો.**

૪. **તફાવત લખો: પ્રાચીન ઑડિટિંગ અને આધુનિક ઑડિટિંગ**

૫. **પ્રાચીન ઑડિટિંગનીપદ્ધતિઓ કઈ કઈ છે?**

૬. **પ્રાચીન સમયમાં ઓડિટર્સની ભૂમિકા વર્ણવો.**